## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




તમને જુતા ખાવાનો ભૂતકાળમાં કોઈ અનુભવ નથી...એથી અમારી એરલાઈન્સ તમને જોબ નહીં આપી શકે...!!

# સિવિલના સિક્યુરીટી જવાનોની પગારની સ્થિતિ "દુકાળમાં અધિક માસ જેવી"

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખડેપગે સેવા બજાવતા જવાનોની પગારની સ્થિતિ દયનીય જેવી છે. ત્યારે જવાનોના ઓછા પગારમાંથી પીએફ અને ઈએસઆઈ કપાશે. જેને પગલે હોસ્પિટલમાં ફરજ બજાવતા જવાનો નોકરી છોડીને જાય તેવા મુડમાં જણાયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સલામતી છેલ્લા ઘણા સમયથી ખાનગી સિક્યુરીટીના જવાનોના હાથમાં છે. હોસ્પિટલ સંકુલમાં ૮૦ થી વધુ જવાનો રાત-દિવસ રાઉન્ડ ધ કલોક ફરજ બજાવી રહ્યા છે. ત્યારે ૧૨ કલાક

**ઓછા પગારમાં પીએફ કાપવાની વાત કરતા કેટલાક જવાનો નોકરી છોડવાના મુડમાં**

ફરજ બજાવતા જવાનોના પગારની સ્થિતિ દયનીય જેવી છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ખાનગી કંપનીને પગાર વધારો કરવા માટે જવાનો જણાવી રહ્યા છે. પરંતુ જુના કોન્ટ્રાકટ હોવાથી કંપની પણ વધારો કરી શકે તેવી સ્થિતિમાં નથી. ત્યારે હવે જવાનોના ઓછા પગારમાંથી પીએફ અને ઈએસઆઈ કપાશે તેવી માહિતી સિક્યુરીટી ગાર્ડને મળતા જવાનોના મોં વિલાઈ ગયા છે. ત્યારે આવી કારમી મોંઘવારીમાં જવાનો માંડ પોતાનું અને પરિવારનું ભરણ પોષણ કરતા હોય છે ત્યારે પગારમાંથી અન્ય રૂપીયા કપાય તો તેમના હાથે જે રૂપીયા આવે તેમાં ઘર ચલાવવું પણ મુશ્કેલીરુપ બની શકે તેમ છે. ત્યારે આ સ્થિતિને ધ્યાન લઈ હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કેટલાક જવાનો એ પગાર વધારા માટે કંપનીમાં વાત કરી છે, પરંતુ પગારમાં વધારો નહીં થાય તો કેટલાક જવાનો નોકરી છોડવાના મુડમાં જણાતા એજન્સીના સંચાલકો પણ વિમાસણમાં મુકાઈ ગયા છે. ત્યારે ગાર્ડ અને કંપનીની સ્થિતિ જાયે તો જાયે કહા જેવી થવા પામી છે.

## મહાવીર જયંતિના પાવન અવસરે રાજયપાલશ્રીએ પાઠવેલ શુભકામનાઓ

ગાંધીનગર, તા. ૮

ભગવાન મહાવીર જયંતિના પાવન અવસરે ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ રાજ્યના નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે ભગવાન મહાવીરે સત્ય અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, ક્ષમા અને પ્રેમના સિદ્ધાંતો વિશ્વભરમાં પ્રસ્થાપિત કર્યા છે. તેમણે માનવજાતિને સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પર ચાલવાનો ઉપદેશ આપ્યો છે. આ મહાન ઉપદેશનું આપણે અનુસરણ કરી જીવનને ઉન્નત બનાવીએ.

## મહાવીર જયંતીની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જૈન અને જૈનેતર સમાજના સૌ નાગરિકોને મહાવીર જયંતીના પર્વની શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીએ શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે કરૂણા અને અહિંસાનું તત્વ ચિંતન ભારતની ભૂમિએ વિશ્વને આપ્યું છે અને ભગવાન મહાવીર સ્વામીએ જીવન આચરણથી તેને આત્મસાત કરાવ્યું છે.

મહાવીર સ્વામીના અહિંસા પરમોધર્મ અને કરૂણાના ચિંતનને અનુસરી ગુજરાતને અહિંસાનું કેન્દ્ર બનાવવાની નેમ પણ વ્યક્ત કરી છે.

## ગાંધીનગર મહાનગર કિસાન મોરચાના પ્રમુખની વરણી

ગાંધીનગર, તા. ૮



ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મહામંત્રી કે.સી. પટેલ અને કિસાન મોરચાના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ બાબુભાઈ જેબલીયાની સુચનાથી ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) દ્વારા એક અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ ગાંધીનગર મહાનગરના કિસાન મોરચાના પ્રમુખ તરીકે કિરણભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.

# સાંજ ઢળતાં દહેગામની બસ ના હોવાથી મુસાફરોને હાલાકી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એસટી સ્ટેન્ડથી રાત્રીના આઠ વાગ્યાના અરસામાં દહેગામ તરફ જવા માટેની બસ સુવિધા ન હોવાથી અપડાઉન કરતા મુસાફરોને ભારે હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે ગાંધીનગરથી બસ ન હોવાથી મુસાફરોને ના છુટકે ખાનગી વાહનમાં જીવના ઝોખમે મુસાફરી કરવાનો વારો આવે છે. ત્યારે રાત્રીના આઠ વાગ્યાના અરસામાં દહેગામ તરફની બસ સેવા તંત્ર દ્વારા શરુ કરવામાં આવે તેવી માંગ મુસાફરો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરનું એસટી ડેપો મોડલ ડેપો બનવા જઈ રહ્યું છે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે

**રાત્રીના આઠ વાગ્યાના અરસામાં બસ મુકવા મુસાફરોની માંગ**

સતત બસ સેવા કાર્યરત છે.ત્યારે ઉતર ગુજરાત તરફ જવા માટે ગાંધીનગર મુખ્ય મથક હોવાથી મુસાફરોનો ભારે ધસારો રહે છે. ત્યારે એસટી તંત્ર દ્વારા સૌરાષ્ટ્રના ધાર્મિક સ્થાનો અને શહેરો સહિત દક્ષિણ ગુજરાત ના શહેરો સુધી બસ સેવાનો પ્રારંભ કર્યો છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામ તરફ જવા માટે રાત્રીના સમયે બસ સેવા ઉપલબ્ધ નથી તે વિચારવા જેવી વાત છે. ત્યારે દહેગામ થી ગાંધીનગર અપડાઉન કરતા સરકારી કર્મચારીઓની સંખ્યા વિશેષ છે. તેવા સમયે નોકરી એ મોડુ થતા કર્મચારીઓ તેમજ અન્ય મુસાફરોને બસ માટે લાંબા સમય સુધી રાહ જોવી પડે છે. જયારે બસ ના હોવાનું તંત્ર દ્વારા જણાવતા ના છુટકે તેઓએ ખાનગી વાહનોનો આશરો લેવો પડે છે. જયારે કેટલાક સમયે ચિલોડા અને ત્યાંથી દહેગામ ખાનગી વાહનમાં બેસીને મુસાફરી કરવાનો વારો આવે છે. ગાંધીનગરથી રાત્રીના આઠ વાગ્યાના અરસામાં દહેગામ તરફથી બસ સેવા શરુ કરવા તંત્ર સમક્ષ મુસાફરોએ માંગ કરી છે. ત્યારે તંત્ર દ્વારા પણ બસ સેવા શરુ કરવા વિચારણા ચાલી રહી છે.

## ઉવારસદ-કોલવડા માર્ગનું ખાતમુર્હુત



ગાંધીનગર તાલુકાના ઉવારસદ-કોલવડા માર્ગ જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા મંજૂર થતા ઉવારસદ-કોલવડા ૩.૭૫ મીટર પહોળો અને ૬ કિમી લંબાઈ ધરાવતા માર્ગ-ઉત્તર વિધાનસભા ગાંધીનગર સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને સાંકળતા માર્ગનું ખાતમુર્હુત પ્રસંગે માન. વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા તાલુકાના ભાજપના હોદ્દેદારો, અગ્રણી ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## આર્ટ લવર્સના નવા વર્ષ માટે હોદ્દેદારોની વરણી

### પ્રમુખ તરીકે મેહુલ દોશી, મહામંત્રી પદે નિરવ દવે અને ખજાનચી તરીકે નિલય દેસાઈ



ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા 'આર્ટ લવર્સ'ના પ્રમુખ પદે શ્રી મેહુલ દોશી-મંત્રી તરીકે નીરવ દવે તેમજ ખજાનચી તરીકે નિલય દેસાઈની નિમણુંક થયેલ છે. નવા વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે સર્વે પદાધિકારીઓને સંસ્થાના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.





નહેરૂ યુવા કેન્દ્ર અને ભારત સરકારના યુવા ખેલ મંત્રાલય દ્વારા ગાંધીનગર ખાતે 'એક ભારત - શ્રેષ્ઠ ભારત' અંતર્ગત યુવા સંમેલન યોજાયું હતું... કલ્યાણ અને વિકાસ માટે સામાજિક જાગૃતિ માટે યુવાનોને તત્પર થવા હાકલ કરાઈ હતી... રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે બાપુની દાંડીયાત્રાના પ્રસંગોનું સ્મરણ કરાવી ગાંધી માર્ગે તથા સ્વામી વિવેકાનંદના જીવન-કવનમાંથી પ્રેરણા લેવા ઉપસ્થિત મહેમાનોએ અપીલ કરી હતી. આ પ્રસંગે યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આંજણા ચૌધરી સમાજના પ્રેકટીસ કરતા એડવોકેટની ડિરેકટરીનું વિમોચન કરાયું



ચિલોડા, તા.૮

આંજણા ચૌધરી સમાજના ગુજરાત રાજયમાં પ્રેકટીસ કરતા એડવોકેટસની માહિતી સાથેની સૌ પ્રથમ ડિરેકટરીનું વિમોચન આજે રાજયના આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ગિયોડ અંબાજી મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચૌધરી સમાજના ગુજરાતભરમાંથી ૩૦૦થી વધારે વકીલો હાજર રહ્યા હતા. આ પ્રસંગે બનાસબેંકના ચેરમેન અને જાણીતા વકીલ એમ.એલ. ચૌધરી, ગુજરાત બાર કાઉન્સીલના સભ્યશ્રી સી.કે. પટેલ તથા હીરાભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રતિક ઉપવાસ-ધરણાં સાથે કિસાનસંઘ સંસદનું વિશેષ સત્ર બોલાવવા માંગ કરશે

ગાંધીનગર, તા. ૮

આઝાદી પછી અત્યાર સુધીની કેન્દ્ર સરકારોની ખેડૂત તથા કૃષિ વિરોધી નીતિઓને કારણે આજે કિસાનો ખેતીથી વિમુખ થઈ રહ્યાં છે. આ ઉપરાંત જે કિસાનો ખેતી સાથે સંકળાયેલા રહ્યાં છે તેમને પોષણક્ષમ ભાવો મળતા ના હોવાને કારણે તેમનામાં આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે. આ બાબતે ભારતીય કિસાન સંઘ દ્વારા આગામી તા. ૧૦મી એપ્રિલ, સોમવારે નવી દિલ્હીના જંતરમંતર ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ, ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૩૦૦ કાર્યકરો જોડાવા જઈ રહ્યાં છે.

કિસાનોની પડતર સમસ્યાઓ અંગે ભારતીય કિસાન સંઘ નવી

**સોમવારે જંતરમંતર ખાતે હજારો કાર્યકરો ધરણાં કરી 'વાદા કિયા હૈ વાદા નિભાવો' કહેશે : ગુજરાતમાંથી ૩૦૦ કાર્યકરો જોડાશે**

દિલ્હી ખાતે એક દિવસના પ્રતિક ઉપવાસ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી આવેદનપત્ર આપવા સાથે તમામ સાંસદોની મુલાકાત લઈ કિસાનોના મુદ્દે સંસદનું વિશેષ સત્ર બોલાવવા માંગ કરશે. આ કાર્યક્રમ માટે જંતરમંતર ખાતે દેશભરમાંથી હજારો કાર્યકરો જોડાશે. જેમાં ગુજરાતના ૩૦૦ કાર્યકરો પણ ભાગ લેશે. વડાપ્રધાન દ્વારા કિસાનોની આવક બમણી કરવાની જાહેરાત સામે તમામ પાકોમાં પોષણક્ષમ નફા સહિતના ભાવો પણ પ્રાપ્ય નથી મળતા તેમજ તે મળે તે માટે કોઈ યોજનાનો વિચાર પણ કરવામાં નથી આવી રહ્યો. જે યોજનાઓ લાગુ છે તે કિસાનોના કલ્યાણની પૂર્તિ કરી શકે તેમ નથી અને બીજી તરફ સરકાર દ્વારા અનાજ, દાળ વગેરેની ગમે ત્યારે આયાત કરી કિસાનોને વધુ બેહાલ કરી દેવાય છે. આ સાથે અયોગ્ય રીતે નિકાસ પર ડ્યૂટી અને આયાત પર ડ્યૂટી માફી લગાવી કિસાનોને બેહાલ કરી મુકવામાં આવ્યાં છે.

આ બાબતે કિસાનસંઘ દ્વારા 'વાદા કિયા હૈ વાદા નિભાવો'ની માંગ સાથે સંસદનું વિશેષ સત્ર બોલાવવા માંગ કરાશે. તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી આવેદનપત્ર અપાશે તેવું કિસાન સંઘના ગુજરાત પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દૂધાત્રા તથા રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્ય મગનભાઈ પટેલે સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ગાંધીનગર સહિત રાજ્યભરના શહેરોમાં તાપમાનમાં ઘટાડો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સહિત રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસ દરમિયાન તાપમાનમાં ખાસ કોઈ ફેરફાર નોંધાવવા નહીં પામે. ઉત્તર પૂર્વ દિશા તરફ ફુંકાતા પવનોને લઈ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો નીચો જોવા મળી શકે છે. મોટાભાગે આકાશ સ્વચ્છ રહેશે. અમદાવાદ શહેરનું આજનું મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી નોધાવવા પામ્યું છે. રાજ્યમાં આજે મહત્તમ તાપમાન ઈડર ખાતે અને સુરેન્દ્રનગર ખાતે નોંધાવવા પામ્યું હતું. આ બંને શહેરોમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ જોવા મળ્યું હતું. જ્યારે બાકીના અન્ય વિસ્તારોમાં તાપમાનમાં કોઈ ખાસ નોંધપાત્ર વધારો જોવા મળ્યો ન હતો. રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે આજે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાવવા પામ્યું હતું. રાજ્યમાં દિવસના ભાગમાં ગરમી અને સાંજ પછી ઠંડા પવનો ફુંકાતા જોવા મળી રહ્યા છે. આજે બપોરના ગાળામાં પણ લોકો સાવચેત રહ્યા હતા અને બિનજરૂરી રીતે બહાર નીકળવાનું ટાળ્યું હતું. સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. સરકારી હોસ્પિટલોમાં હીટવેવની અસર અને લુ લાગવાના કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે.

### ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં

## પલોડીયા ગ્રામ પંચાયતના સરપંચ માટે દેરાણી-જેઠાણી વચ્ચે મુકાબલો

### પલોડીયા સ્ત્રી અનામત બેઠકમાં ઠાકોર મંજુલાબેન અને ઠાકોર ગીતાબેન વચ્ચે સ્પર્ધા : કલોલ તાલુકા ઠાકોરની વસ્તી ધરાવતું પલોડીયા ગામ શ્રેષ્ઠ નિર્મળ ગામનો એવોર્ડ ધરાવતું અને ૧૫ વર્ષ સમરસ ગામ જાહેર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં કલોલ તાલુકાનું ઠાકોરની બહુમતી ધરાવતું પલોડીયા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આ વખતે મંજુલાબેન વિક્રમજી ઠાકોર અને ગીતાબેન રણજીતજી ઠાકોર બંને મહિલા ઉમેદવારો સરપંચ પદની ચૂંટણીમાં દેરાણી – જેઠાણી વચ્ચે જંગ જામ્યો છે. ખાખરીયા ટપ્પાનું આ પલોડીયા ગામ ત્રણ હજારની વસ્તી ધરાવે છે. જેમાં, ઠાકોર, પટેલ,ભરવાડ સહિત અન્ય જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.

૧૧૦૦ જેટલા મતદારો ધરાવતા આ પલોડિયા ગામનો ઈતિહાસ જોઈએ તો વર્ષો પહેલા જીવાજી નાથાજી ઠાકોર આ ગામના બિન હરીફ સરપંચ તરીકે ૧૦થી વધુ વર્ષે સેવાઓ આપી હતી. તે પછી તેમના દિકરા ઠાકોર ચુંથાજી જીવાજીએ બિન હરીફ સરપંચ તરીકે સેવાઓ આપી પલોડિયા ગામ સમરસ જાહેર થયુંહતું. પલોડિયા ગ્રામ પંચાયત ઘણી વખત સમરસ બનતાં ગામનો વિકાસ અને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ પુરસ્કાર તથા જિલ્લા અને તાલુકા કક્ષાએ રૂ. ૧૦ લાખ અને રૂ. ૫ લાખનો એવોર્ડ પલોડિયા ગામને તત્કાલીન તલાટી શ્રી નટુભાઈ ચૌધરી વખતે આ ગામને મળ્યો છે. તેવું પલોડિયા ગામના તલાટી શ્રી એચ.એમ.સૈયદે જણાવ્યું હતું. આમ પલોડિયા ગ્રામ પંચાયત ગ્રામજનોના સહકારથી જિલ્લાનો શ્રેષ્ઠ નિર્મળ ગામનો એવોર્ડ મેળવેલ છે.

ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પલોડિયા ગામની ઠાકોર સમાજની બે મહિલા ઉમેદવારો વચ્ચે આ ચૂંટણીમાં જેઠાણી-દેરાણી વચ્ચે સરપંચ પદના ઉમેદવારનો નિખાલસ ચૂંટણી જંગ યોજાયો છે.

# હનુમાન જંયતિએ ડભોડિયા દાદાને ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક, ૧૫૧ કિલોની કેક કાપીને જન્મોત્સવ ઉજવાશે

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના પ્રવાસધામ અને શ્રદ્ધાના પ્રતિક સમા હનુમાનજી મંદિર ટ્રસ્ટ ડભોડા દ્વારા સંચાલિત ડભોડિયા હનુમાનજી મંદિરે હજાર વર્ષ જુનુ અહીં હનુમાન દાદા સ્વયં પ્રગટ થયા હોવાથી આ ઐતિહાસિક મંદિરે દર ચૈત્ર સુદ પૂનમે ડભોડિયા હનુમાનજીના સુપ્રસિદ્ધ મંદિરે હનુમાન જન્મજયંતિ મહોત્સવ ધામધમથી ઉજવાય છે. જેમાં તા. ૧૧મી એપ્રિલના મંગળવારના રોજ ભગવાનના જન્મદિનો ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક કરવામાં આવશે. બપોરે ૧૨.૩૦ કલાકે ૧૫૧ કિલોની કેક કાપીને જન્મજયંતિની ઉજવણી કરવામાં આવનાર છે. હનુમાન જયંતિ



નિમિત્તે બેન્ડવાજા સહિત ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવશે. આ ઉપરાંત સવારે ૫ કલાકે મારૂતીયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

સવારે ૮.૩૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે હનુમાનજી ઉપર ૧૭ હજાર લિટર તેલનો અભિષેક કરવામાં આવશે. ૯.૩૦ કલાકે હનુમાનજી મંદિરથી બેન્ડવાજાની સુરાવલી સાથે ભવ્ય શોભાયાત્રા નિકળશે. ગામના વિવિધ માર્ગો પરથી પસાર થઈને મંદિરે પરત આવશે. શોભાયાત્રામાં ભાવિક ભક્તોજનો ભાગ લેશે. સવારે ૧૧.૧૫ કલાકે મંદિર ઉપર ધજા ચડાવવામાં આવશે. બપોરે ૧૨ કલાકે મહાઆરતી બાદ ૧૨.૩૦ કલાકે ૧૫૧ કિલોની કેક કાપી હનુમાનજીને હેપી બર્થ ડે ની ઉજવણી કરવામાં આવશે. મંદિર તરફથી ભક્તોને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. હનુમાન જયંતિ નિમિત્તે અંદાજે ૫ લાખ ભક્તજનો ડભોડિયા હનુમાનજીના દર્શન કરીને ધન્યતા અનુભવશે.

ટચૂકડી જાહેર ખબર
વેચવાનો છે
૨રૂમ્ઉદ્ધ ફુલ્લી ફર્નિશ્ડ, હવા-ઉજાસવાળો, ગેસ પાઈપલાઈન તથા ૨૪ કલાક પાણી સગવડ, ટાઈટલ કલીયર, બીજા માળે,, પ્લોટ નં. ૩૪૫, પૂજન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૩, ગાંધીનગર
પ્રાઈમ લોકોશેનનો ફ્લેટ
મો. ૯૬૩૮૯૬૪૬૭૩